# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-02-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) જૂનાગઢ મહાનગરપાલિકા , 66 નગરપાલિકા સહિતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આવતીકાલે મતગણતરી યોજાશે
2) રાજ્યના નગરો-મહાનગરોમાં વિવિધ વિકાસ કામો માટે એક જ દિવસમાં 537 કરોડ રૂપિયા મંજૂર કરાયા
3) સુરતની અદાલતે માંગરોળ સામૂહિક દુષ્કર્મ કેસનાં બે આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી
4) ગુજરાત રાજ્ય એસટી નિગમના કર્મચારીનું નોકરી દરમિયાન અવસાન થાય તો તેના કુટુંબને 14 લાખ રૂપિયાની સહાય અપાશે
5) ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું છે કે , જન્મના પ્રમાણપત્રમાં નોંધવામાં આવેલી જન્મતારીખ જ માન્ય ગણાશે.
6) રણજી ટ્રોફીની પ્રથમ સેમિફાઇનલમાં આજે ગુજરાત અને કેરળની ટીમ વચ્ચે મુકાબલો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# LOCAL BODY ELECTION

રાજ્યની જૂનાગઢ મહાનગરપાલિકા , 66 નગર પાલિકા અને તાલુકા-જિલ્લા પંચાયત સહિતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેની મતગણતરી આવતીકાલે હાથ ધરાશે . મતગણતરી માટેની તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. મતગણતરી પહેલા તમામ ઇવીએમ ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સીસીટીવી કેમેરાની નજર હેઠળ રાખવામાં આવ્યાં છે.

રાજ્યમાં ગઈકાલે શાંતિપૂર્ણ માહોલમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું મતદાન સંપન્ન થયું હતુ. જુનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે સરેરાશ 44.32 ટકા, જ્યારે 66 નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે સરેરાશ 61.65 ટકા તેમજ ત્રણ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી 65.07 ટકા મતદાન થયું હતું.

આ ચૂંટણીમાં 213 બેઠકો બિનહરીફ થતાં 5 હજાર 84 ઉમેદવારોનું ભાવિ EVMમાં સીલ થયું હતું.

. . . . . . . . . . . . .

# Swarnim Jayanti Urban Development Scheme

રાજ્ય સરકારે નગરો-મહાનગરોમાં વિવિધ વિકાસ કામો માટે , રૂપિયા 537 કરોડ મંજૂર કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ,સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ ઘટકો અંતર્ગત ગાંધીનગર, અમદાવાદ, રાજકોટઅને ભાવનગર મહાનગરપાલિકાઓને રૂ.૩૦૯ કરોડ ૭૨ લાખ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. પ્રસ્તુત છે એક અહેવાલ..

*(મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરપાલિકાને મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના અંતર્ગત ૨૬૦ ઈલેક્ટ્રિક બસ અને ૭ ઇલેક્ટ્રિક ડબલ ડેકર બસ માટે રૂ.૫૮ કરોડ ૪૭લાખની ફાળવણી માટે મંજૂરી આપી છે. દ્વારકા નગરપાલિકાને રૂ.૧૩૧ કરોડ ૭૬લાખ ફાળવવામાં આવશે. જેમાંથી દ્વારકા શહેરથી આશરે બે કિલોમીટર પૂર્વે નેશનલ હાઈવે પરથી રૂપેણ બંદર એક્ઝિટ આપી નવા ચારમાર્ગીય રોડને કનેક્ટ કરાશે. દ્વારકા નગરના રુક્ષમણી માતા મંદિર પાસેથી માઈનોર બ્રીજ અને બાયપાસ રિંગરોડ બનાવાશે. જેથીબેટ દ્વારકા, નાગેશ્વર અને શિવરાજપુર પ્રવાસનધામની મુલાકાતે આવનારા પ્રવાસીઓ તથા દ્વારકાના નગરજનોને ટ્રાફિકજામની સમસ્યાથી મુક્તિ મળશે . આ ઉપરાંત વિસનગર-પાલનપુર-ટંકારા-કેશોદ-સિદ્ધપુર અને માંડવી નગરપાલિકાઓને 70 કરોડ 48 લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. નવરચિત પોરબંદર મહાનગરપાલિકાને સિટી બ્યુટીફિકેશન અને સફાઈ કામગીરી માટે રૂ.૧૩ કરોડ35 લાખ સહિત ૨૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. કચ્છ જિલ્લાની માંડવી નગરપાલિકામાં ચોમાસામાં નુકશાન થયેલ માર્ગોના રિસરફેસિંગ માટે વધારાની ગ્રાન્ટ તરીકે રૂ.૧ કરોડ ૭૦ લાખ ફાળવવામાં આવ્યા છે.*

*મયુર સોલંકી, આકાશવાણી સમાચાર – અમદાવાદ*

. . . . . . . . . . . . .

# GMERS HIGH MICROSCOPE

રાજ્યની GMERS સાથે સંકળાયેલી સાત હોસ્પિટલમાં અત્યાધુનિક હાઇ એન્ડ માઇક્રોસ્કોપ ઉપલબ્ધ થયા છે. અંદાજીત સાત કરોડના ખર્ચે રાજ્યની સોલા અમદાવાદ, ગાંધીનગર, ગોત્રી, વડોદરા, પાટણ, હિંમતનગર, જૂનાગઢ અને વલસાડની GMERS મેડિકલ હોસ્પિટલને હાઇએન્ડ માઇક્રોસ્કોપ મળ્યા છે. આ સુવિધાને કારણે ચાર હજારથી વધુ ગામોને ઘર આંગણે વિશ્વસ્તરીય સુવિધાઓનો લાભ મળશે..આ હાઇ-એન્ડ માઇક્રોસ્કોપના ઘણા ફાયદા છે જેમાં ઉચ્ચ-ગુણવત્તાવાળી ઝૂમ ટેકનોલોજી, ઓપરેશન દરમિયાન ટિશ્યૂના ઝીણાં ભાગો સ્પષ્ટ રીતે જોઇ શકાશે

જન્મજાત બહેરાશ માટે કોક્લિઅર ઈમ્પ્લાન્ટ સર્જરી , માથાના આંતરિક ભાગે થતી ગાંઠો માટે સ્કલ બેઝ સર્જરી, નાના તથા મોટા મગજમાં થતી ગાંઠો દૂર કરવા તથા ચહેરાની નસની નબળાઈ કે ઈજા માટેની સર્જરીનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# MANGROL CASE

સુરતની અદાલતે તાજેતરમાં માંગરોળમાં થયેલાં સામૂહિક દુષ્કર્મ કેસનાં બે આરોપીઓને આજે છેલ્લા શ્વાસ સુધીની આજીવન કેદની સજા ફટકારી છે. સુરત જિલ્લા અદાલતે આજે આપેલા ચુકાદામાં બંને આરોપીઓને પાંચ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. આ અંગે એડવોકેટ નયન સુખડવાલાએ વધુ માહિતી આપી.

(બાઇટ - નયન સુખડવાળા – એડવોકેટ)

દરમિયાન, ટૂંકા ગાળામાં જ આરોપીઓને દોષિત ઠેરવી સજા અપાવવા બદલ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પોલીસ અને અદાલતની કામગીરી પ્રશંસા કરી.

(બાઇટ - હર્ષ સંઘવી – ગૃહ રાજ્યમંત્રી)

ઉલ્લેખનીય છે કે, મોટા બોરસરા ગામમાં ગત ૪મી ઓક્ટોબરે સગીરા ઉપર સામૂહિક દુષ્કર્મની ઘટના બની હતી. જેમાં ત્રણ આરોપીઓને પોલીસે ઝડપી લીધા હતા. આ ઘટનાના એક આરોપીનુ હાર્ટ એટેકને કારણે મોત થયું હતું.

. . . . . . . . . . . . .

# GSRTC

ગુજરાત રાજ્ય માર્ગ અને પરિવહન નિગમના કર્મચારીઓ માટે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. નોકરી દરમિયાન કર્મચારીનું અવસાન થાય તો તેના કુટુંબને 14 લાખ રૂપિયાની સહાય અપાશે.

વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવ્યા મુજબ નિયમિત ધોરણે નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂક પામેલા વર્ગ-3 અને 4ના કર્મચારીઓના 24 સપ્ટેમ્બર 2022 કે ત્યારબાદ ચાલુ નોકરી દરમ્યાન અવસાનના કિસ્સામાં સ્વર્ગસ્થ કર્મચારીના આશ્રિત કુટુંબને 14 લાખ રૂપિયાની ઉચ્ચક નાણાકીય સહાય ચુકવાશે , આ ઉપરાંત વિવિધ કચેરીઓ ખાતે નિયુકત કરાયેલ પાંચ વર્ષીય ફિકસ પગારની કરારીય સેવાના વર્ગ-3 અને 4ના અવસાન પામેલ કર્મચારીઓના કુટુંબને પણ 14 લાખ રૂપિયાની સહાય ચુકવવામાં આવશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# GUJ. HIGH COURT ---BIRTH CERTI.

ગુજરાત વડી અદાલત જણાવ્યું છે કે , જન્મના પ્રમાણપત્રમાં નોંધવામાં આવેલી જન્મતારીખ જ માન્ય ગણાશે.

આ બાબતે ચુકાદો આપતાં વડી અદાલતે જણાવ્યું કે, આધાર કાર્ડ , પાનકાર્ડ કે ડ્રાઈવિંગ લાઈસન્સ જેવા પ્રમાણપત્રમાં દર્શાવેલી જન્મ તારીખ સંપૂર્ણ રીતે માન્ય ગણાશે નહીં. વડી અદાલતે ઉમેર્યું કે, જન્મ-મરણની નોંધણીના રજીસ્ટરમાં નોંધાયેલી તારીખ જ માન્ય ગણાશે. હોસ્પિટલના રેકર્ડ પ્રમાણે જન્મની નોંધણીમાં નોંધાયેલી તારીખ એ જ સાચી તારીખ ગણી શકાય.

. . . . . . . . . . . . .

# GODHARA CREDIT SOCIETY

ગોધરા તાલુકાના કાંકણપુર ખાતેની શ્રી મહાલક્ષ્મી સહકારી ધિરાણ સોસાયટી ફડચામાં ગઈ હોવાના સમાચારને જિલ્લા રજીસ્ટ્રારે ફગાવી દિધા છે.

આ અંગે વાયરલ થયેલા એક પત્રમાં 200 થી વધુ ખાતેદારોના નાણાં, બેંકમાં ફસાયા હોવાનું જણાવાયું હતું. જેને ખોટા ગણાવતા જિલ્લા રજીસ્ટ્રાર અધિકારી ડી. કે. ખેરે  થાપણદારોને ચિંતા ન કરવા જણાવ્યું છે.

(બાઈટ : ડી કે ખેર, જિલ્લા રજિસ્ટ્રાર અધિકારી)

. . . . . . . . . . . . .

# NIPER-Seminar

ગાંધીનગરમાં આવેલી રાષ્ટ્રીય ઔષધીય શિક્ષણ અને સંશોધન - NIPER પરિસર ખાતે આજથી ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનારનો પ્રારંભ થયો છે. આ સેમિનારનો મુખ્ય વિષય કેન્દ્રીય ચેતાતંત્રની ખામી માટે મિકેનિઝમથી મેડિસિન છે, જેમાં ભારત , ફ્રાન્સ, જર્મની, સાઉથ કોરિયા, જાપાન અને અમેરિકા સહિતના દેશના આશરે 73 થી વધુ વિદ્યાર્થીઓ જોડાશે . આ અંગે સંસ્થાના નિદેશક પ્રો , શૈલેન્દ્ર સરાફે વધુ માહિતી આપી હતી.

(બાઇટ પ્રો. શૈલેન્દ્ર શરાફ, ડાયરેક્ટર, NIPER, GANDHINAGAR)

. . . . . . . . . . . . .

# BOARD EXAM HALL TICKET

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-10 તથા સંસ્કૃત પ્રથમ તથા ધોરણ-12 સામાન્ય પ્રવાહ , વાણિજ્ય પ્રવાહ, સંસ્કૃત મધ્યમા સહિતના ઉમેદવારોની 27 ફેબ્રુઆરીથી શરૂ થનાર પરીક્ષાની હૉલ ટિકિટ જાહેર કરવામાં આવી છે.

આ હૉલ ટિકિટ શાળા દ્વારા બોર્ડની વેબસાઇટ ssc.gsebht.in અથવા gsebht.in અથવા gseb.org પરથી આજથી ડાઉનલોડ કરી શકાશે.

. . . . . . . . . . . . .

# RANJI TROPHY

રણજી ટ્રોફીની પ્રથમ સેમી ફાઇનલ ગુજરાત અને કેરળ વચ્ચે રમાઈ રહી છે. પ્રથમ દિવસના અંતે કેરળના 4 વિકેટે 206 રન થયા છે. સચિન બેબી અને મોહમ્મદ અઝહરૂદ્દીન રમતમાં છે.

. . . . . . . . . . . . .

# WPL

મહિલાઓ માટેની ક્રિકેટ પ્રિમીયર લીગમાં આજે વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલનો સામનો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થશે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

. . . . . . . . . . . . .

# weather

રાજ્યમાં આગામી પાંચ દિવસ દરમિયાન વાતાવરણ સુકૂ રહેવાની હવામાન વિભાગે આગાહી કરી.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ કે દાસના જણાવ્યા મુજબ હાલમાં રાજ્યમાં પશ્ચિમ તથા ઉત્તર પશ્ચિમ દિશા ના મેદાની પ્રદેશના પવનો સૂકા હોવાથી , તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. અમદાવાદ અને આસપાસના વિસ્તારમાં આગામી પાંચ દિવસ મહત્તમ તાપમાન 34 થી 35 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની શક્યતાઓ છે. રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતાં ત્રણથી ચાર ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાઈ રહ્યું છે. આ વર્ષે રાજ્યમાં ફેબ્રુઆરી મહિનામાં સામાન્ય કરતાં વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે.

દરમિયાન છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં દિવસ દરમિયાન સૌથી વધુ 35.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન ભાવનગરમાં નોંધાયું હતું જ્યારે લઘુત્તમ તાપમાન પોરબંદરમાં 15.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન 19.2 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 34 ડિગ્રી સેલ્સિયસ , વડોદરામાં લઘુત્તમ તાપમાન 17.6 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 33.6 ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં લઘુત્તમ તાપમાન 19 ડીગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 33.7 ડિગ્રી સેલ્સિયસ તથા સુરતમાં લઘુત્તમ તાપમાન 19.4 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 35 ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

. . . . . . . . . . . . .